Sl.No. :

नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – 22

No. of Printed Pages – 07

**SS–24–Gujarati Sah.**

# उच्च माध्यमिक परीक्षा, 2024

# SENIOR SECONDARY EXAMINATION, 2024

## गुजराती साहित्य

**समय** : 3 **घण्टे** 15 **मिनट**

**पूर्णांक** : 80

Tear Here

प्रश्न पत्र को खोलने के लिए यहाँ फाड़ें
TEAR HERE TO OPEN THE QUESTION PAPER

यहाँ से काटिए

પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :

1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પ્રશ્નના જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

3) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

4) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

## વિભાગ - અ

**1)** નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખોઃ (પ્રત્યેકનો 1 ગુણ) **[15]**

(1) ગંગાસતી કોના દાસ થવાનું કહે છે? **[1]**

(અ) માતાના (બ) સતગુરુના

(ક) ઈશ્વરના (ડ) પિતાના

(2) 'ના હઠવું' કવિતાના કવિનું નામ શું છે? **[1]**

(અ) નર્મદ (બ) ગંગાસતી

(ક) શામળ ભટ્ટ (ડ) ચંદ્રવદન મહેતા

(3) કવિ અને ઈલા એક સમયે કયાં રમતાં હતાં? **[1]**

(અ) મંદિરના ઓટલે (બ) નદી કિનારે

(ક) દરિયા કિનારે (ડ) ચોતરે

(4) કવિ રસ્તે મળતી વ્યક્તિને શું શું આપવા ઈચ્છે છે? **[1]**

(અ) દાન (બ) ફૂલ

(ક) હૃદયનું વહાલ (ડ) પૈસા

(5) કવિએ તડકાને કોનું સ્મિત ગણ્યો છે? **[1]**

(અ) સૂરજનું (બ) ચંદ્રનું

(ક) પૃથ્વીનું (ડ) આકાશનું

(6) 'ચહેરો' પાઠમાં છોકરીનું નામ શું છે? **[1]**

(અ) મીનુ (બ) કીટો

(ક) તેજલી (ડ) મિસ કત્યાલ

(7) કંસારીને નાનપણ-થી શું બનવાની ઈચ્છા હતી? **[1]**

(અ) ડૉક્ટર (બ) વેપારી

(ક) નર્સ (ડ) ખેડૂત

(8) રેવતી અને અમરો દર ત્રણ મહિને શાનું દાન કરતા હતા? **[1]**

(અ) પૈસાનું (બ) કપડાનું

(ક) લોહીનું (ડ) અનાજનું

(9) જેસલમેરની રહેણીકરણી કઈ સદીના હિંદનો ખ્યાલ આપે છે. **[1]**

(અ) 20 મી અને 21 મી (બ) 14 મી અને 15 મી

(ક) 15 મી અને 16 મી (ડ) 18 મી અને 19 મી

(10) 'પેટ' પાઠમાં લેખક કોને મળવા ગયા હતા? [1]

(અ) ડૉક્ટરને (બ) વેપારીને

(ક) સાપ્તાહિકના તંત્રીને (ડ) ખેડૂતને

(11) 'શું તમે કાયર છો?' વાક્યનો પ્રકાર જણાવો. [1]

(અ) સાદુ વાક્ય (બ) પ્રશ્નાર્થ વાક્ય

(ક) નકાર વાક્ય (ડ) ઉદ્ગાર વાક્ય

(12) 'પેટમાં વાત રાખવી' રૂઢીપ્રયોગનો અર્થ શું થાય? [1]

(અ) ઉદાર હોવું (બ) પેટને કારણે પાપ કરવું

(ક) વાતને ગુપ્ત રાખવી (ડ) વાત કહેવી

(13) નીચેનામાંથી સાચી જોડણી વાળો શબ્દ કયો છે? [1]

(અ) દીકરી (બ) વીનંતી

(ક) પ્રતીષ્ઠા (ડ) સમીત

(14) મંદાક્રાંતા છંદમાં કેટલા અક્ષર હોય છે? [1]

(અ) 13 અક્ષર (બ) 21 અક્ષર

(ક) 17 અક્ષર (ડ) 14 અક્ષર

(15) 'અમીર' નો વિરોધી શબ્દ શું થાય? [1]

(અ) દાતાર (બ) ગરીબ

(ક) નીચ (ડ) ચોર

**2)** નીચે આપેલ ખાલી જગ્યા પૂરો : **[7]**

(1) દ્રવ દેખીને માણસ ચલે, ................ દેખી સહુ લોભે ભરે. [1]

(2) 'મળે એટલુ માણ' કવિતામાં તૃષ્ણાને ................ ની જલ લહરી જેવી ગણાવવામાં આવી છે. [1]

(3) .............. રોગને લેખકે સૌથી ભયંકર ગણાવ્યો છે. [1]

(4) લેખકે બિલાડીના બચ્ચાનું નામ ............... રાખ્યું. [1]

(5) 'પ્રાચીન' નો વિરોધી શબ્દ .............. થાય. [1]

(6) બે જુદી જુદી વસ્તુઓ વચ્ચે કોઈ એક ખાસ ગુણ અંગે સરખામણી કરવામાં આવી હોય ત્યારે .............. અલંકાર બને છે. [1]

(7) 'કીટો સ્વરૂપવાન કન્યા છે.' વાક્યમાં વિશેષણ શબ્દ ................ છે. [1]

**3)** ગદ્ય સમીક્ષા (એક-એક વાક્યમાં ઉત્તર લખો.) **[10]**

નીચેના અપઠિત ગદ્યાંશ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો લખો.

પ્રાર્થના એ એક રીતે હૃદયનું સ્નાન છે અને બીજી રીતે હૃદયનો ખોરાક પણ છે. પ્રાર્થનાના વાતાવરણમાં જો આપણે તલ્લીન થઈ શક્યા તો હૃદયમાં ભેગા થયેલા અનેક કુસંસ્કારો અને મલિન સંકલ્પો ધીમે ધીમે ઓગળી જાય છે ને શુભ સંકલ્પો મજબૂત અને વિકસિત થતા જાય છે. પ્રાર્થનામાં આપણે કશું માગીએ કે ન માગીએ, ભગવાનની સન્નિધિમાં આપણે ઊભા રહીએ એટલે આખું વાતાવરણ એને મેળે પવિત્ર થતું જાય છે. સમૂહમાં કરેલી પ્રાર્થના દ્વારા એમાં ભળનાર લોકો વચ્ચે એક જાતની આત્મીયતા અને આત્મપરાયણતા પેદા થઈ શકે છે. સમાજ અનેક રીતે પડેલો હોય, હારેલો હોય અને છિન્નભિન્ન થયો હોય તોયે એમાં નવું ચૈતન્ય પેદા કરવા માટે પ્રાર્થના સમર્થ છે. પ્રાર્થના એ માણસજાતની છેલ્લી મૂડી છે. બાકી કશું રહ્યું ન હોય તોયે પ્રાર્થના આપણને ધીરજ અને નવી આશા આપી શકે છે.

પ્રશ્નોઃ

(1) પ્રાર્થના શું છે? **[1]**

(2) પ્રાર્થનાના વાતાવરણમાં તલ્લીન થઈએ તો શું લાભ થાય છે? **[1]**

(3) સમૂહમાં કરેલી પ્રાર્થનાની શી વિશેષતા છે? **[1]**

(4) પ્રાર્થનાને માનવજાતની છેલ્લી મૂડી કેમ કહી છે? **[1]**

(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. **[1]**

નીચે આપેલ પઠિત ગદ્યાંશ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

ચોક્કસ યાદ નથી પહેલીવાર મીનુ ક્યારે આવી હતી. લગભગ બાપુજીના મૃત્યુ પછી પંદરેક દિવસમાં પહેલીવાર ડોકાઈ હતી. હું મારા મુંડન કરેલા માથામાં બા જોડે તેલ ઘસાવતો હતો. ત્યાં બિલાડીનું બચ્ચું મ્યાઉં કરીને પ્રવેશ્યું. ટબુકડું, કાબરચીતરું, ભોળું, એનું મોં ઊંચુ કરી તગતગતી પાણીદાર આંખે જોવા લાગ્યું. મેં એને બૂચકાર્યું. એ પગને ઘસાઈ સાથે ચાલ્યું ત્યારે એના સ્પર્શે એકાએક મારામાં વહાલયનો વંટોળ જગાવ્યો. એને દૂધ આપ્યું. દૂધ પી પંજો ચાટતુ લડકામાં બેઠું બેઠું મારી સામે વહાલું વહાલું જોતુ રહ્યું. કોણ જાણે એ રાત્રે બાપુજીના ગયા પછી પહેલીવાર આંખો છલકાઈ ઊઠી. ઊંઘ આવી નહી. બાપુજીના સ્મરણોમાં ખોવાઈ ગયો.

પ્રશ્નોઃ

(6) લેખકના ઘરે મીનુ ક્યારે આવી હતી? **[1]**

(7) લેખકે મુંડન શા માટે કરાવ્યું? **[1]**

(8) બિલાડીનું બચ્ચું કેવું હતું? **[1]**

(9) લેખકે બિલાડીના બચ્ચાને શું આપ્યું? **[1]**

(10) ગદ્યાંશમાં મીનુ નામ કોનું છે? **[1]**

## વિભાગ - બ

નીચેના પ્રશ્નોના બે થી ત્રણ વાક્યમાં ઉત્તર લખો.

**4)** પૈસો જોઈને માણસનું મન શા માટે ડગી જાય છે? **[2]**

**5)** પોતાના ધ્યેયમાંથી પીછેહઠ નહિ કરવા અંગે કવિ શું કહે છે? **[2]**

**6)** માનવીને આખુ જગત મળી ગયાની લાગણી ક્યારે થાય? **[2]**

**7)** તડકાને કોનો સહારો ગણાવ્યો છે? **[2]**

**8)** કંસારીને કયાં  ત્રણ મિત્રો તેના કામમાં મદદ કરતાં હતાં? **[2]**

**9)** વર્ષાના પિતા શર્માજીની ખાંસી શા કારણે વધી ગઈ હતી? **[2]**

**10)** પેટમાં ક્યાં પાંચ મહાભૂતોને આશ્રય આપ્યો છે? **[2]**

**11)** ભગવાન શા માટે ઊંઘતા જ નથી? **[2]**

**12)** રૂપક અથવા ઉત્પ્રેક્ષા અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ લખો. **[2]**

**13)** પૃથ્વી છંદનું બંધારણ ઉદાહરણ આપી સમજાવો. **[2]**

**14)** નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો. **[2]**

(i) આયનો - [½]

(ii) ખેડૂત - [½]

(iii) સૂરજ - [½]

(iv) ભગવાન - [½]

**15)** નીચે આપેલ શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. **[2]**

(i) કશાક ખાસ પદાર્થથી થતી શારીરિક તકલીફ - **[1]**

(ii) રાષ્ટ્રની પ્રજાને વળગેલો રોગ - **[1]**

## વિભાગ - ક

નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાક્યમાં ઉત્તર લખો.

**16)** ''મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે **[3]**

મરને ભાંગીરે પડે ભરમાંડ રે;''

કાવ્ય પંક્તિનો ભાવાર્થ સમજાવો.

અથવા

'તેજલી' લોકગીતમાં આદિવાસી સમાજવ્યવસ્થા કઈ રીતે સ્પષ્ટ થાય છે?

**17)** લેખકને પોતાના ગામમાં પાણીની તંગીને કારણે શું જોવા મળ્યું? ત્યાં તેમણે શાની શરૂઆત કરી હતી? **[3]**

અથવા

મોબાઈલના મુખ્ય ઉપયોગ કયા છે? એના કયા પ્રકારના ઉપયોગ સામે ભગવાન ચેતવણી આપે છે.

**18)** જેસલમેરનું પ્રાચીન ઐતિહાસિક મહત્ત્વ જણાવો. **[3]**

અથવા

રેવતી-અમરો સામાજિક રીતે ગરીબ છે અને વ્યક્તિ તરીકે અમીર એવું શા ઉપરથી કહી શકાય?

**19)** નીચેના વાક્યોનો હિન્દી ભાષામાં અનુવાદ કરો. (કોઈ પણ બે) **[3]**

(i) મારા પિતાજી મંદિરમાં પૂજા કરે છે.

(ii) નાનપણ થી જ કંસારીની ઈચ્છા ખેડૂત બનવાની હતી.

(iii) ભારતીય લોકો નદી અને ગાયને માતા કહે છે.

(iv) ભારત મારો દેશ છે.

## વિભાગ - ૬

**20)** નીચેની કાવ્યપંક્તિનો વિચાર વિસ્તાર કરો. **[3]**

'મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે.'

અથવા

તને નમું, પથ્થરને ય હું નમું,
શ્રધ્ધા તણું આસન જ્યાં નમું ત્યહીં.

**21)** નીચેના મુદ્દાઓને આધારે વાર્તા લખો : **[4]**

બે સ્ત્રીઓ - બંને વચ્ચે એક બાળક માટે જઘડો - એક કહે, ''બાળક મારું છે.'' - બીજી કહે, ''બાળક મારું છે.'' - બંનેનું ન્યાયાધીશ પાસે જવું - ન્યાયાધીશે બાળકના બે ટુકડા કરી વહેંચી લેવા કહેવું - બીજી સ્ત્રી બાળકના બે ટુકડા કરવા સંમત - પહેલી સ્ત્રીની અસંમતિ - તે બાળક બીજી સ્ત્રીને સોંપી દેવા તૈયાર - ન્યાયાધીશે પહેલી સ્ત્રીને બાળક સોંપવું - બોધ.

અથવા

એક શિલ્પી - મૃત્યુની આગાહી - પોતાના જ જેવા છ પૂતળાં બનાવવાં - યમદૂતનું આગમન - મૂંઝવણ - યુક્તિ, 'હા, ભૂલ મળી ગઈ' એમ બોલવું - શિલ્પીનો પ્રશ્ન, 'કઈ ભૂલ?' - 'બસ, આ જ ભૂલ' - શિલ્પી પકડાઈ જવો.

**22)** નીચે આપેલા વિષયોમાંથી કોઈ એક વિષય પર નિબંધ લખો : **[5]**

(i) મારો યાદગાર પ્રવાસ

(ii) પરિશ્રમ એ જ પારસમણિ

(iii) માતૃપ્રેમ

(iv) સ્ત્રી શિક્ષા

DO NOT WRITE ANYTHING HERE